ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૪૧.૨ ડીગ્રી
લઘુતમ : ૨૭.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૨૭ ટકા

ગાંધીનગર તાપમાન

ન્યુ વાવોલમાં ભર ઉનાળે વિજળી વેરણ થઈ

યુજીવીસીએલ વીજ કંપની દ્વારા રહીશોને જાણ કર્યા વગર વીજળી ડૂલ થઈ જતા સવારથી નાગરિકો લાઈટ વગર કંટાળી ગયા

ગાંધીનગર, તા. ૬

ન્યુ ગાંધીનગર વિસ્તારમાં સમાવિષ્ટ વાવોલ વિસ્તારમાં ગઈકાલે સવારથી વીજળી ડૂલ થઈ ગઈ હતી. ન્યુ વાવોલ વિસ્તારમાં રહેતા રહિશોને જાણકારી આપ્યા વિના ગઈકાલે સમગ્ર વિસ્તારમાં વીજળી ડૂલ થઈ જતા રહિશો મુશ્કેલીમાં મુકાયા હતા. એક તો ઉનાળાની કાળઝાળ ગરમી અને તેમાંય વીજળી ડૂલ એટલે આ વિસ્તારના રહિશો સવારથી હેરાન થઈ ગયા હતા. ન્યુ વાવોલ વિસ્તારમાં વિકાસ કાર્યોની હરણફાળ જોવા મળી રહી છે. માર્ગોના નવીનીકરણ, પાણી-ગટરની પાઈપલાઈનો નાખવાની, સ્વચ્છતાથી લઈ તમામ વિકાસકાર્યોની કામગીરી ચાલી રહી છે. તેવામાં ખોદકામ જેવી કામગીરીમાં ઘણી વખત પાઈપલાઈનો તૂટી જાય છે પાઈપલાઈનોમાં ભંગાણ પડી જાય છે જેવી બાબતો સર્જાય છે. ન્યુ વાવોલ વિસ્તારને ગાંધીનગરમાં સમાવિષ્ટ તો કર્યો પરંતુ વીજળીની સુવિધામાં હજી નાગરિકોને વલખા મારવા પડી રહ્યા છે. યુજીવીસીએલ વીજકંપની દ્વારા ભર ઉનાળે વીજળી ડુલ કરી દેવાના કિસ્સા અવારનવાર બનતા આવ્યા છે. વાવોલમાં ટોરેન્ટ પાવર કનેકશન મળી જાય ત્યારબાદ જ રહીશોને વીજળીની આ સમસ્યામાંથી રાહત મળી રહેશે કારણ કે અત્યાર સુધી વીજળી ડુલ થવાની સ્થિતિ યથાવત જ રહી છે. જેમાં અવારનવાર ફરિયાદો કરી હોવા છતા યુજીવીસીએલ વીજકંપની દ્વારા વીજ કાપ મુકવામાં આવે છે. જ્યારે વીજબીલો ભરીને રહીશોના આંખે પાણી આવી જાય તેટલા પૈસા વસુલવામાં આવે છે. આટલી મોંઘવારીમાં વીજબીલ ભર્યા હોવા છતાં વીજળી ડૂલ થઈ રહી છે. જેમાં મુશ્કેલીઓ ત્યારે ઉભી થાય છે જ્યારે જવાબદારતંત્ર દ્વારા રહીશોની જાણ વગર જ વીજળી ડૂલ થઈ જાય છે. ગઈકાલે સવારથી વીજળી ડૂલ થવાથી રહીશોને પાણી ભરવા માટે વલખા થઈ ગયા હતા. કારણ કે સોસાયટીઓમાં સવારે પાણી ભરવા માટે પાણીની મોટર બોર શરૂ કરાતી હોય છે જે લાઈટો ન હોવાથી સવારે પાણી ભર્યા વગર નાગરિકોને પાણીની અછત સર્જાઈ ગઈ હતી. દર વખતે વીજકંપનીના અધિકારીઓ દ્વારા અવશ્ય જાણકારી આપવામાં આવે છે જે આ વખતે જાણ બહાર જ વીજળી બંધ થઈ જતા રહિશો આ ઉનાળાની ગરમીમાં ત્રાસી ગયા હતા. ઘણા રહેણાંક વિસ્તારમાં ડીમ લાઈટો હતી તો ઘણા વિસ્તારમાં ડીમ લાઈટ પણ નહોતી તેથી ગઈકાલે સવારથી જ ન્યુ વાવોલ વિસ્તારમાં વીજળી ડૂલ થઈ જતા રહીશો ગરમીમાં સેકાઈ ગયા હતા.

જગત ગુરુ શંકરાચાર્યજીની ધોળેશ્વર મહાદેવ ખાતે જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી.

રાજ્યકક્ષા બ્રહ્મસમાજના હોદ્દેદારોની ન્યુ વાવોલ ખાતે બ્રહ્મ એકેડેમીની મુલાકાત

ગાંધીનગરના ન્યુ વાવોલમાં શ્રી સમસ્ત બ્રહ્મસમાજની ન્યુ વાવોલ શાખા દ્વારા સંચાલિત શ્રી બ્રહ્મ એકેડમીની શુભેચ્છા મુલાકાત લીધી તથા સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા, જેમાં ગુજરાત રાજ્યકક્ષા બ્રહ્મસમાજ સમસ્તના મુખ્ય સંગઠક અને એડવોકેટ અશ્વિન ત્રિવેદી, પ્રમુખ સુનિલ ત્રિવેદી, મહિલા પાંખના પ્રમુખ અને વોર્ડ-૮ના કોર્પોરેટર છાયાબેન ત્રિવેદી, ગુજરાત પ્રદેશ મંત્રી(આઈ.ટી.સેલ) રાજન ત્રિવેદી સહીતના હોદેદારો હાજર રહ્યા હતા. ન્યુ વાવોલ શાખાના પ્રમુખ નીતિનભાઈ ત્રિવેદી, મહામંત્રી અતુલભાઈ મહેતા, સહમંત્રી ભાવિકભાઈ દવે, સંગઠન મંત્રી અખિલેશ મહારાજ દ્વારા રાજ્યકક્ષા ટીમનું રુદ્રાક્ષ માળા પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું.

રવિવારે સે-૨૧માં શ્રી રામ ચેરીટેબલ ટ્રસ્ટનું કુંડા વિતરણ : ઉનાળાને અનુલક્ષીને ઠંડી મસાલેદાર છાશનું પણ વિતરણ યોજાશે

ગાંધીનગર, તા.૬

ઉનાળાની દેહ દઝાડતી ગરમીમાં માણસો સહિત પશુ અને પક્ષીઓ વ્યાકુળ થઈ ગયા છે ત્યારે શ્રી રામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા દસ વર્ષથી ઉનાળાની ગરમીમાં અબોલ પક્ષીઓ માટે પાણીની સુવિધા હેતુસર નિઃશુલ્ક પાણીના કુંડા ની સેવા આપવામાં આવી રહી છે. આ વર્ષે પણ આગામી તા.૮મી મે, રવિવારે ૧૦ હજાર પાણીના કુંડાનું વિનામુલ્યે વિતરણ કરવામાં આવશે તે સાથે ઠંડી મસાલેદાર છાશના પણ વિતરણનું આયોજન કરવામાં આવ્યું છે. આ વિતરણ સેવા ગાંધીનગરના સેક્ટર-૨૧માં ડિસ્ટ્રિક્ટ શોપિંગ સેન્ટર ખાતે જૂના ફટાકડા બજાર પાર્કિંગ ખાતે યોજાશે. શહેરના તમામ નગરજનોને આ સેવાનો લાભ લેવા અને પક્ષી બચાવો અભિયાનમાં જોડાવા માટે સંસ્થા દ્વારા જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે. વધુ માહિતી માટે સંસ્થાના પ્રમુખ વિજય શર્માનો મો.નં.૯૮૯૮૫ ૮૮૩૧૧ અથવા મંત્રી કુબેરભાઈ મોદીનો મો.નં. ૯૭૧૪૭ ૮૮૩૧૧ સંપર્ક સાધવા જણાવાયું છે.

રવિવારે જલારામ મંદિર ખાતે નિઃશુલ્ક નિદાન કેમ્પ

ગાંધીનગર, તા.૬

જલારામ મંદિર સેકટર-૨૯ ગાંધીનગર ખાતે ૮મીએ રવિવારે સવારે ૯ થી ૧૨ દરમિયાન ચામડીના રોગોના નિષ્ણાત અને હોમિયોપેથિક ડોકટર્સ દ્વારા નિઃશુલ્ક નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

ચામડીના રોગ માટે બી.જે.મેડીકલ કોલેજ, અમદાવાદના સ્કીન ડીપાર્ટમેન્ટના એસોસીએટ પ્રોફેસર ડૉ. ઉમેશભાઈ કારીયા તથા હોમિયોપેથીક નિદાન બી.એચ.એમ.એસ. ડૉ. ધવલભાઈ આચાર્ય અને ડૉ. સંદિપ જી. પટેલ સેવા આપશે તેમ અખબારી યાદીમાં જણાવ્યું હતું.

તાજેતરમાં સેવાભાવી ભૂપેન્દ્ર અરોરા પરિવાર દ્વારા વંચિત સમુદાયના બાળકો માટે ઉદગમને માધ્યમ રાખીને પાંવભાજી અને સ્વીટમાં ગુલાબજાંબુનું ભરપેટ ભોજન આપવામાં આવ્યુ હતું. સમગ્ર સેવાકાર્યને અંતે મનોજભાઈ જોષી દ્વારા અરોરા પરિવારનો સહદય આભાર માની યાદગીરી રુપે સ્નેકપ્લાંટની ભેટ આપવામાં આવી હતી. સાથે સાથે બાળકોને માનવજીવનમાં વૃક્ષ અને પર્યાવરણનું મહત્વ સમજાવ્યું હતું.

સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજના વિદ્યાર્થી વરુણ ધંધુકિયાએ ખેલો ઇન્ડિયા અંતર્ગત લોન ટેનીસની પ્રતિસ્પર્ધામાં તૃતિય સ્થાન પ્રાપ્ત કરીને સંસ્થાને ગૌરવ અપાવ્યું છે. આ પ્રસંગે ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા તથા પ્રિન્સિપલ ડો. રાજી ડેનિસ અને તમામ સ્ટાફ મિત્રોએ વરુણને અભિનંદન પાઠવ્યા છે.

શહેર વસાહત મહાસંઘના હોદ્દેદારોની બેઠક મળી

ટુંક સમયમાં સદરહુ સમસ્યાઓ અંગે સરકારને લેખિત આવેદનપત્ર આપવામાં આવશે

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના હોદેદારોની સભ્યોની જનરલ બેઠક સંસ્થાના પ્રમુખ કેશરીસિહ બિહોલાના અધ્યક્ષ સ્થાને મળી હતી. આ સમગ્ર બેઠકમાં સેકટર વાઈઝ સમસ્યાઓની ચર્ચા કરવામાં આવી હતી. સેકટરમાં વધતા દબાણો, ઝુંપડપટ્ટી, વૉકિંગ માટે બનાવવામાં આવેલ ફુટપાથ પર દબાણો, પાણીનો અપૂરતો ફોર્સ, કોમન ચોકમાં સફાઈ કરવામાં આવતી નથી, આડેધડ ખોદકામની વ્યવસ્થિત પુરાણ થતું નથી, મહાનગર પાલિકામાં સમાવેશ ૧૮ ગામમાં શહેરની જેમ સુખ સુવિધાઓ મળતી નથી, મકાનોના સર્વે કરીને મિલકત વેરાના આડેધડ ટેક્ષ બીલો આપવામાં આવ્યા છે, ગામ પંચાયતમાં અગાઉ વર્ષોથી સેવાઓ આપતા કર્મચારીઓને મહાનગર પાલિકામાં સમાવી

નિમણૂક આપવામાં આવે જેવા અનેક પ્રશ્નોની બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. અને અંતમાં ટુંક સમયમાં સદરહુ સમસ્યાઓ અંગે સરકારને લેખિત આવેદનપત્ર આપવામાં આવશે અને સદરહુ બાબતો ધ્યાને લેવામાં નહીં આવેતો સેકટરમાં સંલગ્ન વસાહત મંડળો શહેર સમાવેશ ગામોમાં બેઠકો કરી લોકજાગૃતિ કેળવી ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેવું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ સંગઠનને વધુ વેગવંતુ બનાવવા માટે બેઠકના અધ્યક્ષ સ્થાનેથી બેઠકમાં ઉપસ્થિત શહેરના અગ્રણી અનુભવી વસાહતીઓ કિરણભાઈ વ્યાસ અને ગોવિંદભાઈ આહીર ને સંસ્થાના હોદેદારો તરીકે સમાવેશ કરી ગોવિંદભાઈ આહીરને મહામંત્રી અને કિરણભાઈ વ્યાસને લીગલ એડવાઈઝર તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. સેકટર ૬ વસાહત મંડળના પ્રમુખ સી.કે. સોનીએ આભારવિધિ કરી હતી.

આ બેઠકમાં રાજેન્દ્ર પારેખ, કાનજીભાઈ દેસાઈ, રશ્મીકાન્ત પંડ્યા, કિરણભાઈ વ્યાસ, ઘનશ્યામસિંહ ગોલ, ગોવિંદભાઈ આહીર, સી.કે.સોની, વિઠ્ઠલભાઈ પરમાર, જે.વી. પટેલ, અલકેશભાઈ પરમાર, જગદીશભાઈ પટેલ, સેકટર ૬ ના વસાહતીઓએ મોટી સંખ્યામાં હાજર રહી ચર્ચામાં ભાગ લીધો હતો.

કામધેનુ યુનિવર્સિટી ખાતે વર્ચ્યુઅલ વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૬

કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર અને રાજીવ ગાંધી નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી મેનેજમેન્ટ નાગપુરના સંયુક્ત ઉપક્રમે **'Introduction to IPR (Intellectual Property Rights), Patents, Designs Filing Process'** વિષય પર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વર્કશોપમાં કામધેનુ યુનિવર્સિટીના કુલપતિ ડો. એન. એચ. કેલાવાલા દ્વારા ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી મેનેજમેન્ટ **(IPR)** અંગે યુનિવર્સિટી દ્વારા પેટન્ટિંગ અને લાયસન્સને પ્રોત્સાહન મળી રહેશે તેમજ યુનિવર્સિટીના કર્મચારીઓના સંશોધન કામના પરિણામે થયેલી શોધ, સહિત અનુસ્નાતક વિદ્યાર્થીઓ, યુનિવર્સિટીના ઉદ્દેશ્યો અંગે જણાવ્યું હતું. યુનિવર્સિટીના સંશોધન સમુદાય દ્વારા પેદા થતી બૌદ્ધિક સંપત્તિને સુરક્ષિત કરવા માટે આ વર્કશોપનો પૂર્ણ ઉપયોગ થઈ શકે તે અંગે તાકીદ કરી હતી. આ વર્કશોપમાં પંકજ બોરકર દ્વારા પેટન્ટ, ડીઝાઈન, ટ્રેડમાર્ક, કોપી રાઈટ વગેરેની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી તથા તેનું રજીસ્ટ્રેશનની પ્રક્રિયા વિષે માહિતી આપવામાં આવી હતી. તેમજ હાલમાં તેની ફીમાં થયેલ ઘટાડા અંગે જાણકારી આપી હતી. આ સમગ્ર વર્કશોપનું સંકલન ડૉ. રોહિત શાહ, સહસંશોધન નિયામક, કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં વિવિધ કોલેજના આચાર્યશ્રી, પ્રાધ્યાપકશ્રી, મદદનીશ પ્રાધ્યાપકશ્રી, અનુસ્નાતક તેમજ સ્નાતક વિદ્યાર્થીઓ મળીને કુલ ૩૯૯ જેટલા રજીસ્ટ્રેશન કરવામાં આવ્યા હતાં. આ વર્કશોપ બાદ યુનિવર્સિટીના શિક્ષકો, અભ્યાસાર્થીઓ સાથે ગૂંચવણીના સમસ્યાના ઉકેલ માટે પ્રશ્નોત્તરી યોજવામાં આવી હતી. જેને યુનિવર્સિટીના સૌ કર્મચારીઓ તેમજ અભ્યાસાર્થીઓ તરફથી ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો હતો.

ઈન્સ્ટિટયૂટ ઓફ એડવાન્સ્ડ રિસર્ચ, ગાંધીનગર દ્વારા રાજયકક્ષાની ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન

ગાંધીનગર, તા.૬

ઈન્સ્ટિટયૂટ ઓફ એડવાન્સ્ડ રિસર્ચ, ધ યુનિવર્સિટી ફોર ઈનોવેશન તથા જિલ્લા રમતગમત વિભાગના સંયુકત ઉપકમે ગાંધીનગરમાં રાજયકક્ષાની ક્રિકેટ ટુર્નામેન્ટની શરૂઆત ૧૦મે ૨૦૨૨થી થશે. ટુર્નામેન્ટની શુભ શરૂઆત ડૉ.કુબેરભાઈ ડીંડોર મંત્રી રાજયકક્ષા, ઉચ્ચ અને તકનીકી શિક્ષણ, પાર્લામેન્ટરી અફેર્સ, ગુજરત સરકારના વરદ હસ્તે થશે.

ગાંધીનગરની ક્રિકેટ ટુર્નામેન્ટના રસિકોને અને જાહેર જનતાને પધારવા ભાવભીનું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે વિજેતા ટીમ અને ભાગ લેનાર ખેલાડીઓને યુનિ. તરફથી નવાજવામાં આવશે.

ક્રિકેટ ટુર્નામેન્ટની શરૂઆત ૧૦મે ૨૦૨૨ના રોજ સાંજે ૫ વાગ્યાથી યુનિવર્સિટી કેમ્પસ ગિફટ સિટી બ્રિજીની બાજુમાં, કોબા ખાતે થશે. વધુ માહિતી માટે **www.iar.ac.in** પર લોગીન કરવા જણાવાયું છે.

જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયનો ખેલ મહાકુંભ માં ઉત્કૃષ્ટ દેખાવ

ખેલ મહાકુંભ જિલ્લાકક્ષાની એથ્લેટીકસ સ્પર્ધામાં ધોરણ -૧૨ ની ચૌધરી નિશા એ ૧૫૦૦ મીટર દોડમાં દ્વિતીય નંબર પ્રાપ્ત કર્યો હતો. અને જિલ્લાકક્ષાની ખેલ મહાકુંભ હેન્ડબોલ અંડર-૧૭ સ્પર્ધામાં જે.એમ. ચૌધરી ગ્રાન્ટેડ વિભાગની બહેનોએ તૃતીય નંબર પ્રાપ્ત કર્યો હતો. શાળાના આચાર્યા રમીલાબેન એસ, ચૌધરી તેમજ વ્યાયામ શિક્ષિકા બહેનો લીલાબેન ચૌધરી હેતલબેન એમ. દેસાઈ અને સમગ્ર શાળા પરિવાર એ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

દવાખાનાનું ઉદ્‌ઘાટન

ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના મતક્ષેત્રમાં પ્લેનેટ કાનનાં નવિન દવાખાનાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેમાં પ્લેનેટ હિયરિંગ કેરનું ઉદ્ઘાટન ગાંધીનગર દક્ષિણ વિધાનસભાનાં ધારાસભ્ય શંભુજી ઠાકોરના સ્વ હસ્તે કરવામાં આવ્યું હતું. જેમાં પ્લેનેટ હિયરિંગ કેરનાં ડોક્ટર, ગાંધીનગરના જાણીતા એડવોકેટ ઠાકોર સુરેશભાઈ, પ્લેનેટ હિયરિંગ કેરનો સ્ટાફ હાજર રહ્યા હતા તથા જાહેર જનતાએ આ નવીન પ્લેનેટ હિયરિંગ કેર નો લાભ લીધો હતો.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગ દ્વારા યોજાયો નેશનલ સેમિનાર

ગાંધીનગર, તા.૬

'વર્તમાન સમયમાં બાળકના સર્વાંગી વિકાસમાં ભારતીય સાહિત્યનું મહત્ત્વ' એ વિષય પર ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગ દ્વારા પાંચમી મેના રોજ એક દિવસીય નેશનલ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. માનનીય કુલપતિ હર્ષદભાઈ શાહની પ્રેરણાથી યોજાયેલી આ સંગોષ્ઠિમાં ૧૨૦ પ્રતિભાગીઓએ ભાગ લીધો હતો અને શોધપત્રો પ્રસ્તુત કર્યાં હતાં. ઉદ્‌ઘાટન સત્રમાં સંસ્કૃત વિદ્વાન ડૉ. વિજયભાઈ પંડ્યા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વકતવ્યમાં જણાવ્યું કે, 'સંસ્કૃત એક માત્ર એવી ભાષા છે કે જેની પાસે દરેક વિષયના જ્ઞાનનો ભંડાર છે. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી એ વિશિષ્ટ કાર્ય કરતી અભિનવ યુનિવર્સિટી છે, તે આ સંગોષ્ઠી દ્વારા દેખાઈ આવે છે. બાળક એ પુખ્ત ઉંમરના મનુષ્યની નાની આવૃત્તિ નથી, બાળકનું તો પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ છે.

યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગ દ્વારા અનુસ્નાતક કક્ષાએ ગર્ભ ઉપનિષદ અને ગર્ભસંસ્કાર વિષય ભણાવાય છે તે બાબત જ વિશિષ્ટ અને અનોખી છે.' યુનિવર્સિટીના કુલસચિવ ડૉ. અશોકભાઈ પ્રજાપતિએ જણાવ્યું કે, 'પ્રત્યેક યુનિવર્સિટીનો સંસ્કૃત વિભાગ સાહિત્યને કેન્દ્રમાં લે છે, જ્યારે આ યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગમાં ગર્ભવિજ્ઞાન અને ગર્ભસંસ્કાર જેવા અત્યારના સમયના અત્યંત મહત્ત્વપૂર્ણ વિષયોને કેન્દ્રમાં લેવામાં આવ્યા છે. મનુષ્યના શારીરિક, સામાજિક, મનોવૈજ્ઞાનિક અને આધ્યાત્મિક વિકાસ માટે સંસ્કૃત જ પાયાનો વિષય બની રહે તેમ છે. આ યુનિવર્સિટીના એક્ટમાં જ આધ્યાત્મિકતાનો સમાવેશ થયો છે, જે આ યુનિવર્સિટીને આગવી ઓળખ આપે છે.' સ્કૂલ ઓફ હ્યુમિનીટીઝના વડા ડૉ. બી. ડી. ઢીલાએ મૂલ્યનિષ્ઠ શિક્ષણની આવશ્યકતાની વાતને સુંદર રીતે રજૂ કરી, જ્યારે સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. રાકેશભાઈ પટેલે સ્વાગત પ્રવચન કર્યું. સમાપન સત્રમાં સંસ્કૃત વિદુષી ડૉ.યોગિની બહેન વ્યાસ, ડૉ. માધવી ઉપાધ્યાય, ડૉ. હેમંત વૈષ્ણવ તથા ડૉ.અલ્પા પટેલે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા આયોજિત આ અનોખા વિષયની સંગોષ્ઠિને વધાવી લીધી અને પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. સમગ્ર સંગોષ્ઠિનું સંચાલન સંસ્કૃત વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. ભૈરવી દીક્ષિતે કર્યું હતું તેમજ કાર્યક્રમની આભારવિધિ સંસ્કૃત વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. જય ઓઝાએ કરી હતી.

જન્મદિને વધામણી

રાહુલસિંહ રાણા
મો. ૭૩૮૩૪ ૮૫૦૫૧

નીતિનભાઈ નારાયણભાઈ મહેરિયા
મો. ૯૯૭૯૯ ૩૬૩૯૯

હ્રિદાન સેહુલ સોની
મો. ૯૮૭૯૪ ૨૩૦૮૦



કુંપલ ગઢવી
મો. ૯૮૯૮૮ ૧૦૧૨૯

દેવલ અમિતકુમાર ભટ્ટ
મો. ૯૯૨૪૫ ૦૮૪૮૮

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. દંતાણી ચતુરભાઈ જોઈતાભાઈ,** ઉ.વ. ૭૦, સે-૨૮, આદીવાડા
- **સ્વ. દંતાણી નટવરભાઈ સંપતભાઈ,** ઉ.વ. ૩૪, સે-૨૮, પ્રેસ, છાપરાં
- **સ્વ. રબારી રાજીબેન લેબાભાઈ,** ઉ.વ. ૭૯, પેથાપુર